# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કેનેડામાં જી-7 શિખર બેઠકમાં ઉપસ્થિત રહેશે.

**2)** ભારત અને સાયપ્રસે આતંકવાદના તમામ સ્વરૂપની ટીકા કરીને તેની સામે લડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

**3)** અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના 131 DNA નમૂના મેચ થયા. ગત મોડી રાત સુધીમાં 83 પાર્થિવ શરીર પરિજનોને સોંપાયા.

**4)** કર્ણાટક, કોંકણ અને ગોઆના છૂટાછવાયા સ્થળ પર આ ગુરુવાર સુધી મુશળધાર વરસાદની આગાહી.

**5)** લંડનમાં F.I.H. હોકીની પ્રો-લિગમાં ભારતની મહિલા ટીમ આજે અને આવતીકાલે અર્જેન્ટિના સાથે રમશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM CANADA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કેનેડાના કનાસ્કિસ્સ ખાતે જી-7 શિખર બેઠકમાં ઉપસ્થિત રહેશે. જી-7 શિખર સંમેલનમાં પ્રધાનમંત્રી સતત છઠ્ઠી વખત ભાગ લઈ રહ્યા છે. કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીના નિમંત્રણ પર કેનેડાના બે દિવસના પ્રવાસ દરમિયાન શ્રી મોદી શિખર બેઠક સિવાય કેટલીક દ્વિપક્ષીય બેઠક પણ કરશે.

શ્રી મોદી જી-7 અને આમંત્રિત વિવિધ દેશના નેતાઓ તથા આંતરરાષ્ટ્રીય સંગઠનોના અધ્યક્ષો સાથે વૈશ્વિક મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કરશે, જેમાં ઊર્જા સુરક્ષા, ટેક્નોલૉજી અને નવિનતા ખાસ કરીને A.I. ઊર્જા અને ક્વાન્ટમથી સંબંધિત મુદ્દાઓ સામેલ છે.

સાંભળીએ એક અહેવાલ.....

<u>(V/C- ANAND KUMAR)</u>

# INDIA CYPRUS DECLARATION

ભારત અને સાયપ્રસે આતંકવાદના તમામ સ્વરૂપની ટીકા કરી છે. બંને દેશે શાંતિ અને સ્થિરતાને અવરોધરૂપ આધુનિક જોખમનો સામનો કરવા પરસ્પર પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. નિકોસિયામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટો-ડોલાઈડ્સ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત બાદ સંયુક્ત ઘોષણાપત્ર જાહેર કરાયું.

બંને દેશે સરહદ પાર આતંકવાદનો સામનો કરવા એક વ્યાપક અને સંકલિત કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો. બંને દેશે તમામ દેશને આતંકવાદી ભંડોળ નેટવર્ક અને આતંકી માળખાને તોડી પાડવા, સલામત આશ્રય-સ્થાનોને નાબૂદ કરવા અને આતંકવાદીઓ સામે ઝડપી કાર્યવાહી કરવા હાકલ કરી. સાયપ્રસે સરહદ પાર આતંકવાદ સામેની લડાઈમાં ભારત સાથે એકતા અને અતૂટ સમર્થન પણ વ્યક્ત કર્યું. બંને નેતાએ તાજેતરમાં પહલગામ આતંકી હુમલામાં નાગરિકોની હત્યાની પણ ટીકા કરી.

## AMDAVAD DNA MATCH

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 131 મૃતકના DNA નમૂના મેચ થયા છે. જ્યારે 83 પાર્થિવ શરીર મૃતકોના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. ગાંધીનગરમાં ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા- FSLની ટીમ DNA મેચ કરવા દિવસરાત કામ કરી રહી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે ગાંધીનગર FSL કચેરીની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી.

## VIJAY RUPANI FUNERAL

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીના ગઈકાલે રાજકોટમાં સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. સ્વર્ગીય વિજય રૂપાણીના પાર્થિવ દેહને અમદાવાદથી હવાઈમાર્ગે રાજકોટ આંતરરાષ્ટ્રીય હવાઈમથક ખાતે લવાયો. ત્યાંથી તેમના પાર્થિવ દેહને સડક માર્ગે તેમના ઘરે લઈ જવાયો હતો. અશ્રુ ભીની આંખે અંતિમ વિદાય બાદ તેમના અંતિમ સંસ્કાર

કરાયા હતા. આજે બપોર બાદ રાજકોટ ખાતે પ્રાર્થના સભા યોજાશે. જ્યારે ગાંધીનગર ખાતે 19 જૂને પ્રાર્થના સભા યોજાશે.

# PIB FACT CHECK AI 171 CRASH

સરકારે સોશિયલ મીડિયામાં પ્રસારિત થતા એ સંદેશનું ખંડન કર્યું છે, જેમાં દાવો કરાયો છે કે, A.I. 171 દુર્ઘટનાનો પ્રારંભિક તપાસ અહેવાલ વિમાન દુર્ઘટના તપાસ સંસ્થા- A.A.I.B. દ્વારા પ્રકાશિત કરાયો છે. પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો- P.I.B.ના ફેક્ટ ચેક એકમે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, આ અહેવાલ સંબંધિત તમામ સમાચાર અફવા છે. કારણ કે, અત્યાર સુધી A.A.I.B. દ્વારા કોઈ અહેવાલ પ્રકાશિત નથી કરાયો. ફેક્ટ ચેક એકમે લોકોને સાચી માહિતી માટે હંમેશા સત્તાવાર સ્રોત પર વિશ્વાસ કરવા આગ્રહ કર્યો છે.

# WEATHER

હવામાન વિભાગે આ ગુરુવાર સુધી કર્ણાટક, કોંકણ અને ગોઆમાં છૂટાછવાયા સ્થળ પર મુશળધાર વરસાદની આગાહી કરી છે. જ્યારે કેરળ, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, મહારાષ્ટ્ર, ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ, ઉત્તરાખંડ અને ઉત્તર-પૂર્વ રાજ્યોના કેટલાક ભાગમાં આગામી બેથી ત્રણ દિવસ મુશળધાર વરસાદની શક્યતા છે.

વિભાગે દિલ્હી NCR સહિત હરિયાણા, પંજાબ અને ઉત્તરપ્રદેશમાં શુક્રવાર સુધી વાવાઝોડા સાથે સામાન્યથી મધ્યમ વરસાદ થવાનું પણ અનુમાન વ્યક્ત કર્યું છે.

# FIH WOMEN HOCKEY

લંડનમાં F.I.H. હોકીની પ્રો-લિગમાં ભારતની મહિલા ટીમ આજે અને આવતીકાલે અર્જેન્ટિનાની મહિલા ટીમ સાથે રમશે. આ મુકાબલાઓમાં ઑસ્ટ્રેલિયાથી હાર્યા બાદ ભારત હવે અર્જેન્ટિના સાથે ભવ્ય પ્રદર્શન કરીને વિજયી બનવા માગશે. હાલમાં ભારત નવ પૉઈન્ટ સાથે સાતમા સ્થાન પર છે અને અર્જેન્ટિના સાથે જોરદાર ટક્કર થવાની આશા છે. હાલમાં અર્જેન્ટિના પૉઈન્ટ ટૅબલમાં બીજા સ્થાન પર છે.

# GADKARI ROAD

કેન્દ્ર સરકારે દેશના વિવિધ ભાગમાં બે હજાર ડ્રાઈવિંગ તાલીમ શાળા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, આ તાલીમ શાળા દેશના પછાત અને આદિવાસી વિસ્તારોમાં શરૂ કરાશે. તેનાથી યુવાનો માટે રોજગારની તકનું સર્જન થશે. શ્રી ગડકરીએ કહ્યું, દેશમાં અંદાજે 22 લાખ ડ્રાઈવરની અછત છે અને આ તાલીમ શાળા કુશળ ડ્રાઈવરની અછત પૂર્ણ કરવામાં મદદરૂપ થશે.

**(બાઈટઃ નિતિન ગડકરી, કેન્દ્રીય મંત્રી)**

શ્રી ગડકરીએ ઉમેર્યું, તેમના મંત્રાલયે માર્ગ દુર્ઘટનાને ઘટાડવા અનેક પગલા ઉઠાવ્યા છે. તેમણે લોકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા પણ આહ્વાન કર્યું.

# CRICKET UNDER 19

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડ- BCCI-એ ઈંગ્લૅન્ડના આગામી પ્રવાસ માટે ભારતની અંડર-19 ટીમમાં ફેરફારની જાહેરાત કરી છે. જૂનિયર ક્રિકેટ પસંદગી સમિતિએ આદિત્ય રાણાની જગ્યાએ ડી. દિપેશ અને ખિલાન પટેલની જગ્યાએ નમનને ટીમમાં સામેલ કર્યા છે. આ પહેલા BCCI-ના ઉત્કૃષ્ટતા કેન્દ્રમાં તાલીમ શિબિર દરમિયાન આદિત્ય અને ખિલાન ઈજાગ્રસ્ત થઈ ગયા હતા.

આયૂષ મ્હાત્રેના સુકાનીમાં ભારતીય ટીમ આગામી 27 જૂને એક દિવસની આંતર-રાષ્ટ્રીય મૅચની શ્રેણીની પહેલી મૅચથી પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. આ પ્રવાસમાં પાંચ એક દિવસીય અને બે ટેસ્ટ મૅચ રમાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજના અખબારોના મુખ્ય સમાચાર પર નજર કરીએ તો

1) આજે તમામ અખબારોએ રાજ્યમાં પડેલાં સાંબેલાધાર વરસાદના સમાચાર મુખ્ય બનાવ્યાં છે જ્યારે વિમાની દુર્ઘટના બાદ વિમાનોની સ્થિતિનો ચિતાર પણ રજૂ કરતાં સમાચાર પહેલાં પેજ ઉપર છે.

વર્તમાન પત્રો અનુસાર જોઇએ તો

2) ગુજરાત સમાચાર અને નવગુજરાત સમયે રાજ્યમાં વરસાદ ..સૌરાષ્ટ્રના પાલિતાણા અને ગઢ઼ડામાં સાંબેલાધાર વરસાદની હેડલાઇન બનાવી છે

3) ફૂલછાબ દૈનિકે હેડલાઇનમાં લખ્યુ છે કે ગ્રે લિસ્ટમાં નાખીને પાકિસ્તાનનુ મોઢું કાળુ કરશે એફએટીએ

4) સંદેશ દૈનિક ડ્રિમલાઇનર બન્યા દુઃસ્વપ્ન ... 36 કલાકમાં ત્રણ બોઇંગ પાછા ફર્યાના સમાચાર મુખ્ય પેજ પર છાપ્યાં છે.

5) હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાનું આજનુ મથાળુ છે જનગણનાની બજી ડુગડુગી

6) રાજ્ય અને સ્થાનિક સમાચારમાં વિજય રૂપાણીના રાજકોટમાં થયેલા અંતિમ સંસ્કાર , અત્યાર સુધીમાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલાના ડીએનએની મેચિંગની પ્રક્રિયાના સમાચાર છેલ્લા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.